# કૃષિ શિક્ષણ દિવસની ઉજવણી

બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા તા 03/૧૨/૨૦૧૯ ના રોજ કૃષિ શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવેલ ઉજવણીના ભાગરૂપે બાગાયત મહાવિદ્યાલય ખાતે પ્રાથમિક શાળાના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો હતો. આ કાર્યક્રમની શરૂઆત ડો. એ. એચ. બારડ દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનું શબ્દિક સ્વાગત કરી કૃષિ શિક્ષણ દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે. તેની વિસ્તૃતમાહિતી આપવામાં આવેલ બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય ડો. એચ. સી. પટેલે હાજર રહી ડો. રાજેન્દ્ર પ્રસાદના જીવનચરિત્ર અંગે તથા મનુષ્ય જીવનમાં કૃષિનું મહત્વ વિશે માર્ગદર્શન આપેલ આ કાર્યક્રમ અંતર્ગત બાગાયત મહાવિદ્યાલયના મ્યુઝિયમ, પ્રયોગ શાળાઓ, બાગાયત મહાવિદ્યાલયમાં રાખવામાં આવેલ જુદા જુદા છોડોની મુલાકાત કરી માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ બાગાયત મહાવિદ્યાલયના ફાર્મ ખાતે નર્સરી, ગ્રીન હાઉસ તથા અન્ય ફળપાકોના બગીચાઓની મુલાકાત કરાવેલી હતી આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ડો. અમિતાબેન પરમારે કરેલું હતું

















